# સજીવ અને કુદરતની ખેતીનું પ્રશિક્ષણ કેન્દ્ર

## કલ્પવૃક્ષ ફાર્મ

ગામ – દહેરી, તા. ઉમરગામ – 396170, જી. વલસાડ – ગુજરાત. ફોનઃ 0260 – 2995177

મોબાઇલઃ 0260 – 2995177 ઇમેલઃ abhjaysave@gmail.com વેબસાઇટઃ www.savesanghavi.com

માનનીય શ્રી/શ્રીમતી

પ્રણામ

સજીવ અને કુદરતી ખેતીથી ભરપૂર કમાણી, નિરોગી જીવન, પર્યાવરણની રક્ષાની સાથેસાથે દેશે ગુમાવેલી સમૃધ્ધી અને ધન પાછું કઇરીતે મળે ? આ પ્રશ્નોનાં જવાબ મેળવવા માટે ૧૯૬૦ માં મે મારી શોધી કાઢેલી સજીવ ખેતી કરીને મેળવી લીધા છે. મેં મેળવેલા વિજ્ઞાનીક ઠોસ પુરાવા, સાબીતીઓ, અનુભવો, ખર્ચ વગર, બિલકુલ ઓછી મહેનત અને ફક્ત પાણીથી, ભરપૂર કમાણી અને નિરોગી જીવન મળે છે, એ સર્વ માહિતીઓ દેશવાસીઓ અને ખેડુતોની આત્મહત્યા રોકવા ઉપયોગી થાય એવી મારી ઇચ્છા છે. એ માહિતીઓ પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા મારા કલ્પવૃક્ષ ફાર્મ પર આપવાનું મારા દિકરાઓ, અશોક સંઘવી અને ભરત મનસાટા શરૂ કરેલ છે.

દેશ અને જનકલ્યાણ માટે મારી માહિતી આપને ઉપયોગી લાગે તો બીજાને એ માહિતી આ પ્રત છાપીને આપવા માટે મારી નમ્ર વિનંતી છે.

**ભાસ્કર સાવે**

---

# કંઈ ન કરો અને ખૂબ કમાવો

મોટા ભાગે લોકો સ્વપ્નામાં પણ વિચાર નથી કરી શકતા કે ખેડ, રાસાયણિક ખાતર ઝેરી દવા અને નિંદામણ વગર પણ ખેતી શકય છે. ૧૯૬૦થી આજ સુધી શ્રી ભાસ્કર હિરાજી સાવે, ઉમરગામ-ગુજરાતના એ ખેડૂત માટે કુદરતના ચક્રો જ એ કામો મફતમાં કરી આપે છે. છેલ્લા ૫૫ વર્ષથી સાવે આધુનિક કૃષિની મદદ વગર જ વિક્રમી ઉત્પાદન મેળવે છે.

પોતાના ૧૫ એકરના કલ્પવૃષ ફાર્મમાં સાવે વર્ષો અગાઉ આધુનિક કૃષિની મદદથી ખેતી કરતા હતા, પણ ૧૯૫૭ માં તેમને એમાં બહુજ મોટુ નુંકશાન થયું. ત્રણ વર્ષનાં સમયમાં જ આધુનિક કૃષિનાં બધાજ ખરાબ પરિણામોની માહિતી સાવેને મળી હતી. એમને ત્યારે જ સમજાય ગયું હતું કે, ખેતીમાં નુકશાન થવાનું કારણ મારી ઓછી મહેનત કે જમીનની ફળદ્રુપતા જવાબદાર ન હતી પણ આધુનિક કૃષિની માયાજાળ અને સંલગ્ન એની કાર્ય-પદ્ધતિ જવાબદાર હતી.

આધુનિક ખેતીમાં ટ્રેકટરથી થતી ઉંડી ખેડ, રાસાયણિક ખાતર, પાક રક્ષણ માટે વપરાતી ઝેરી દવાઓ, બેફામ રીતે વપરાતો પાણીનો વપરાશ અને વારંવાર કરવામાં આવતું નિંદામણ /આંતર ખેડથી જમીનનું બંધારણ અને એની ફળદ્રુપતા નાશ પામે છે. ૧૯૬૦ માં સાવેને કુદરતી ચક્રની સમજ અને આધ્યાત્મિક 'જીવો અને જીવવા દો' નું જ્ઞાન ધ્યાનમાં આવ્યું. ડુંગરાઓ ઉપર વિકસતા વનનું અવલોકનથી તેમને જાણવા મવ્યું કે, ત્યાંના છોડ-ઝાડનાં મૂળિયા લાંબે સુધી જાય છે. ખેડ, ખાતર, પાણી, પાક રક્ષણ કે નિંદામણ વગર પણ દર વર્ષે જંગલમાંથી એક ધારું અને એક સરખું જ ઉત્પાદન મળતું જ રહે છે, એનું કારણ એ છે કે, જંગલમાં કુદરતનાં ચક્રોમાં કોઇપણ જાતની દખલગીરી થતી નથી. આ બાબતનો અભ્યાસ કરીને અને કુદરતી ચક્રોની મદદ લઈને, ૧૯૬૦ માં સાવે એ એક નાનો પ્રયોગ કર્યો. એ પ્રયોગ કરવામાં ખેતીનું ઉત્પાદન ૫૦% ઘટી ગયું, તે છતાં નફો બહુજ થયો ! એ કેવી રીતે શકય થયું ?

રસાયણોથી ભરપૂર એવી આધુનિક ખેતી કરવામાં સાવેને રૂ.૧૦૦/- ની આવક માટે રૂ. ૮૦/- નો ખર્ચ થતો હતો અને કોઇક વાર નફો રૂ. ૨૦/- મળતો, જયારે કુદરતી ચક્રોની મદદ લઈને નવા પ્રયોગમાં રૂ.૫૦/- ની જ આવક થઈ, પણ એમણે એ ખેતી કરવા માટે ફક્ત પાણી સિંચન જ કર્યું હતું તેથી એ મજુરી માટેનાં રૂ.૧૦/- નો ખર્ચ ગણ્યો, આ આ રીતે તેમને રૂ.૪૦/- ના નફાની સાથે ઝેરથી મુક્ત, નિરોગી જીવન મળે તેવું ઉત્પાદન પણ મળ્યું. આવું પરિણામ આવ્યા પછી અભણ માણસ પણ સમજી જાય છે કે, એને ખર્ચ કરીને ફક્ત ઉત્પાદન જોઇએ છે કે પછી ઉત્પાદનની સાથેસાથે નફો પણ જોઇએ છે ? બીજુ ઝેર વાળુ ઉત્પાદન જોઇએ છે કે પછી શુધ્ધ ઉત્પાદન જોઇએ છે ? જયારે આધુનિક કૃષિની માયાજાળ અને વધુ ઉત્પાદન લેવાનો ભ્રમ તુટયો ત્યારે આધુનિક કૃષિ કરતા પણ વધું ઉત્પાદન મેળવવાનાં પ્રયોગો અને સંશોધનમાં સાવે લાગી ગયા હતા.

સાવેએ પોતાના સંશોધન, અવલોકન, કુદરતનું વિજ્ઞાન-ચક્ર, સજીવોની મદદ, સેન્દ્રિય ખાતર અને પોતાની કાર્ય-પદ્ધતિ અપનાવીને બહુજ મોટી સફળતા મેળવી છે. આજે શ્રી સાવેની સજીવ ખેતી-પદ્ધતિનું સંશોધન અને જ્ઞાન એ ખેડૂતો માટે વરદાન છે, કારણકે તેના ઉત્પાદનમાં શરીરને જોઇતા બધાજ પોષક તત્વો છે, જેનાથી સંપૂર્ણ નિરોગી જીવન મળે છે, પર્યાવરણની રક્ષા થાય છે અને સૌથી મોટો ફ્યદો એ છે કે, અભણ માણસ પણ, ઓછામાં ઓછા પાણી, મહેનત, રોકણ અને કોઈપણ કૃષિ કાર્ય-પદ્ધતિના જ્ઞાનની લાચારી વગર, શુદ્ધ અને વધુ ઉત્પાદન સાથે નફો પણ મેળવી શકે છે. સાવેને આ સફળતા અનેક વર્ષોની મહેનત અને કુદરતી ચક્રોના વિજ્ઞાનને સમજીને મળી છે. આ સફળતા પછી સાવેનું કહેવું છે કે, 'મારા માટે મારા ખેતરો એજ મારી પાઠશાળા, વિદ્યાપીઠ કે કૉલેજ છે',જયાં મને કામ દ્વારા ખરું જ્ઞાન મળ્યું કે,'કંઈ ન કરો અને સજીવ ખેતી દ્વારા ખૂબ કમાવો'.

સાવે ફક્ત સાત ચોપડી ભણોલા એક નાના ખેડૂત છે. ખેડૂત સમાજના ઉદ્ધાર માટે અને કોઈપણ જાતની લાલચ કે અપેક્ષા વગર પોતાની શોધેલી સજીવ ખેતીની કાર્ય-પદ્ધતિની રજેરજ માહિતી એ ખેડુત સમાજને આપે છે. 'આચરણ વગર ઉપદેશ વ્યર્થ છે' એ વાતનું ધ્યાન રાખતા સાવે જણાવે છે કે, 'જીવનમાં આપને કોઇ મદદ કરતું હોય તો એને તમે સહયોગ કરશો કે પછી એજે કામ કરી આપે છે એમાં તમે વારંવાર દખલગીરી કરશો ? આજે આધુનિક કૃષિથી કુદરતનાં કામોમાં આપણે દખલગીરી કરીયે છીએ, જેમ કે ખેડુતભાઇઓ તમે કોઈપણ પ્રકારની ખેતી કરો, બધીજ કૃષિ કાર્ય-પદ્ધતિ મુખ્ય પાંચ બાબતો ઉપર જ આધાર રાખે છે અને એ બધીજ બાબતોમાં કુદરતનાં-ચક્રો ખેડુતને એ કામો મફ્તમાં કરી આપે છે. ટુંકમાં સજીવ ખેતી કરતાં મને થયેલા અનુભવો નીચે પ્રમાણે છે.

**૧) ખેડ :** કુદરતનું લશ્કર એટલે કે કીડા-મકોડા, જીવ-જંતુ, એમાં પણ મુખ્ય અળસિયું, પોતાની કાર્ય-પદ્ધતિથી જમીનમાં હવા-પાણીની આવ-જા થાય તે માટે સુરંગ જેવા નાના-નાના છિદ્રો પાડે છે અને પોતાની હગારથી જમીનની ફળદ્રુપતા વધારે છે. એટલે જ 'અળસિયું એ તો ખેડૂતનો મિત્ર છે', તે ટ્રેકટર કરતાં પણ બહુજ સુંદર અને મફ્ત ખેડ કરી આપે છે, જયારે આધુનિક ટ્રેકટરો તેલ (ડીઝલ) ખાઇને જમીન અને પર્યાવરને હાની કરે છે.

**૨) ખાતર :** જમીનની ફળદ્રુપતા વધારવા, સુકા પાંદડા, છાણ, ઘર-ઘરમાંથી નિકળતો લીલો શાકભાજીનો કચરો (સેન્દ્રિય પદાર્થ વગેરે....) એનો જ ખેતીમાં ઉપયોગ કરવામાં ઓ છે. આ સેન્દ્રિય પદાર્થ ઝાડ-પાન કે જમીન માટે ખાતર નથી પણ જમીનમાં રહેનારા સજીવોનો ખોરાક છે. સજીવો સેન્દ્રિય પદાર્થ ખાઈ તેનું રૂપાંતર કરીને ઝાડ-પાનનાં ખોરાક માટે આપે છે. જયારે કુદરત આ સજીવો અને ખાતર મફ્તમાં આપતા હોય તો પછી રસાયણોથી ભરપૂર એવા ઝેરી ખાતર ખરીદવાની મુર્ખતા કોણ કરે ?

**૩) પાણી :** મોટા ભાગના ખેડૂતો પાણીનો બેફામ ઉપયોગ કરે છે જેને કારણે મૂળિયા ગુંગળાઈને નાશ પામે છે અને આ રીતે પાણીનાં દૂર ઉપયોગને કારણે જ આજે પાણી અનેક ફૂટ જમીનમાં નીચે ગયું છે. જયારે 'પાળા અને નિક' અને 'કોટન છોડ' નાં ઉપયોગ દ્વારા પાણીનું સીંચન, ઝાડથી ૧૨ થી ૧૫ ફૂટ દૂરથી કરવામાં ૮૦% પાણીની બચત થાય છે. આ કાર્ય પદ્ધતિને કારણે કોઈપણ જાતની મહેનત, ખર્ચ કે જમીન બગાડ્યા વગર કૂવા અને બોરવેલનાં પાણીનાં ભંડારમાં વધારો થાય છે. ટુંકમાં ખેતીમાં પાણી નહી પણ છોડ-ઝાડને ફક્ત ભેજ મળે તે જરૂરી છે.

**૪) પાક રક્ષણ :** જરૂરી હોય તો જ પાકના રક્ષણ માટે કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરી બનાવેલા દ્રાવણનો ઉપયોગ કરવો. જેમ કે, પાકથી જીવ-જંતુને દૂર રાખવા કડવો લીમડો, તુલશી, ગૌમુત્ર અને ઉગ્ર વનસ્પતિ કે જેને બકરી પણ ન ખાતી હોય તેનું બનાવેલું દ્રાવણ વાપરવું. બીજી રીતે જોઈએ તો કુદરતે પાક રક્ષણ માટે લાલ કીડી, કરોળીયા, ગરોળી, દેડકા જેવા જીવોની રચના કરી છે, જે પોતાના વજન કરતા વધુ જીવોને એક જ દિવસમાં ખાઈ જાય છે. ઘુવડ જેમ ઉંદરનો શિકાર કરે છે તેમ અનેક પક્ષી અને સજીવો પણ પોતપોતાને આપેલા કામો સારી રીતે પરીપૂર્ણ કરતા હોય છે. આધ્યત્મિક રીતે વિચારીએ તો દરેક ધાર્મિક ગ્રંથોમાં જણાવ્યું છે કે 'આપણે બધા આ પૃથ્વીનાં રક્ષક તરીકે ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે પાછા જવાનું છે, માટે સુખેથી જીવો અને બીજાને પણ જીવવા દો'. જયારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ પ્રભુજીઓ પોતપોતાના કુદરતી-ચક્રોનાં કામો બરોબર ચલાવે છે તો પછી, પ્રભુનાં એ કામોમાં દખલગીરી કરવા ઝેરી દવાઓ છાંટીને નિર્દોષ જીવોની હત્યા કરીને, પાપોની ગઠરી શા માટે બાંધવી ? એ દખલગીરી અને કરેલા પાપોને કારણે જીવનમાં અનેક દુ:ખો આવે જ છે.

**૫) નિંદામણ :** વારંવાર ઉગનારા ઘાસને ખેડૂતો માથાનો દુ:ખાવો અને દુશ્મન સમજે છે, પણ ખરેખર તો 'ઘાસ એ તો કુદરતનું મોટું એક વરદાન છે', કુદરતે મૂળિયાઓને એક શકિત આપી છે જેના દ્વારા એ પોતાના વનસ્પિતિ પરિવાર માટે પાણી, જરૂરી કાચો માલ અને નાઈટ્રોજનની ગાંઠો બનાવીને આપે છે. ખેડૂત જેને દુશ્મન સમજે છે તે જ ઘાસ, ધરતી માતાના 'કપડા' અને છોડ-ઝાડનાં મૂળિયા દ્વારા સુરક્ષીત રાખેલા ભંડારને, સૂર્યનાં તાપથી સંપૂર્ણ

બચાવવાનું કામ કરે છે. આ કુદરતી વરદાનને કોઈપણ દિવસ ઉખેડવું નહી, પણ જરૂરિયાત મુજબ માથાના વાળ કાપતા હોઈએ તે મુજબ કાપીને, પશુધનનાં ખોરાક તરીકે આપવું. જેનાથી છાણ, પાક રક્ષણ અને માનવી રોગ માટે ઉત્તમ દવા, દૂધ અને ટ્રાન્સપોર્ટ માટે બળદ મળશે.

સાવે તો ગાંધીજીનાં ભગત છે અને બાપુની જેમ એક સમાજ અને વિશ્વ બંધુત્વની ભાવના રાખે છે, એટલે જ વિદેશના અનેક વિધ્વાનોએ સાવેજીને ભારતના બીજા ગાંધીની પદવી આપી છે સાથેસાથે અનેક પુરષ્કાર પણ આપેલા છે. સાવેએ પોતાનાં આર્થિક બળથી થાય એટલો સજીવ ખેતીનો પ્રચાર કર્યો છે, પણ ફક્ત ધાર્મિક અને આધ્યાત્મિક બાબથોતી લોકોને એમની ખેતી કાર્ય-પદ્ધતિમાંરસ પડયો નહીં. આમતો લોકો એમની ખેતી પદ્ધતિ જોવા આવે છે અને ખર્ચ વગર મળતાં ભરપૂર ઉત્પાદન જોઈને સંતોષ મેળવે છે, પણ આધુનિક ખેતીને છોડીને સજીવ ખેતી તરફ વળવાની ના પાડે છે! કારણકે  ખેડૂતો આધુનિક કૃષિની માયાજાળમાં બરોબરના ફસાયા છે અને શાહુકાર તેમજ બેંકનાં કર્જામાં પૂરેપૂરા ડૂબેલા હોય છે, એટલે જ બીજા પ્રકારની ખેતી કરવાનો વિચાર સ્વપ્નામાં પણ કરી શકતા નથી.

બધા જાણે છે કે, નિરોગી જીવન માટે નિરોગી ખોરાક જોઈએ, પણ રાસાયણિક ખાતર અને ઝેરી દવા છાંટવાથી ખોરાક ઝેરી અને સ્વાદ વગરનો થયો છે જેનાથી માનવી રોગીષ્ટ થયો છે. રોગ, અશક્તિ અને આધુનિક દવાને જોરે આપણે કેટલા દિવસ જીવીશું? સ્ટુડિયો બહાર, કિંગ્સ સિક્યુરીટી પ્રિન્ટર્સ પ્રા. લિ. મુંબઈનાં અશોક સંઘવી, ૨૧ વર્ષની ઉમરમાં આવા ઝેરી ખોરાકનાં શિકાર થયા અને દુનિયામાં જેની દવા નથી એવા કહેવાતા ફરતો વા અને સાંધા દુઃખાવાનાં રોગથી પીડાવા લાગ્યા. કુદરતી ઈલાજ અને શુદ્ધ ખોરાકને મેળવવા માટે એક વ્યાપારીએ ખેતી તરફ જવાનો વિચાર કર્યો, પણ એમને તો કૃષિનાં અ, બ, ક પણ આવડતો નહી.

સાવેની વાડીની મુલાકાત લીધા બાદ સંઘવી સજીવ ખેતીથી પ્રભાવિત થયા અને પોતાની 'સંઘવી ફાર્મ' ઉમરગામની ૨૩ એકર પડતર અને ખરાબાવાળી જમીન ઉપર 'શ્રી સાવેની સજીવ ખેતી-પદ્ધતિ' ની શરૂઆત ૧૯૮૭ માં કરી. પથરાળ અને જે જમીનમાં ઘાસનું તણખલું પણ ઉગતું નહતું તેવી જમીનમાંથી ઓછામાં ઓછા ખર્ચ અને મહેનતથી, ફક્ત ચાર મહિનામાં નિરોગી શાકભાજીનું ભરપૂર ઉત્પાદન, સજીવ ખેતીના ઠોસ પૂરાવા અને સાથેસાથે ભરપૂર નફો પણ લીધો. સાવેની કાર્યપદ્ધતિને સફળતા પૂર્વક પાર પાડનાર હતાં સાવેનાં પુત્ર શ્રી નરેશ અને શ્રી સુરેશ. એ સફળતા અને થયેલા બધાજ રોગ મટી ગયા પછી સંઘવીને સજીવ ખેતીની મહત્વતા સમજાણી.

સજીવ ખેતીનાં અભ્યાસથી સંઘવીને ખેતીનું જ્ઞાન મળ્યું કે 'પર્યાવરણની રક્ષા અને દરેક જીવોનાં નિરોગી જીવન માટેનો ફક્ત એક જ માર્ગ છે, તે છે સાવેની સરળ સજીવ અને કુદરતી ખેતી-પદ્ધતિ અને સમાજને આની જાણ થવી જ જોઈએ', ખેડૂતને આત્મહત્યાથી રોકવા, પર્યાવરણની રક્ષા દ્વારા દરેકને નિરોગી ખોરાક અને રોગ મુક્ત બધાને સુખી જીવન મળે તે ભાવના રાખીને, સંઘવીએ જીવનમાં પ્રથમ એક પુસ્તક લખ્યું. એ પુસ્તક દ્વારા ઓછામાં ઓછો ૯૦૦% નફો અને ગમે તેવા જૂના/નવા રોગો ખર્ચ વગર મટાડવાની માહિતીઓ પણ આપી છે.

'જોઈને પછીજ માનવું' એવા કાર્ય માટે સાવે-સંઘવી એ દર શનિવારે લોકોને ફાર્મની મુલાકાતે આવવાનું આમંત્રણ આપ્યું હતું. દેશ-વિદેશની સંસ્થા અને પ્રજાને સજીવ ખેતી-વિજ્ઞાન, ભરપૂર ઉત્પાદન અને મળેલાં નફાનાં ઠોસ પૂરાવા દેખાડી સાવે-સંઘવી અનેક વર્ષોથી સમાજને તેઓની સેવા આપી રહ્યા છે. તેમનાં આવા નિસ્વાર્થ કામોને કારણે તેઓને અનેક એવાર્ડ પણ મળ્યા છે. 'શ્રી સાવેની સજીવ ખેતી-પદ્ધતિ' એ વિશ્વની પ્રથમ કાર્ય-પદ્ધતિ છે તેથી દેશનાં હિત માટે એનું 'પેટન રજીસ્ટરી' કરાવવા સંઘવીએ સરકારની મદદ માગી, પણ આજ સુધી સરકાર તરફથી એમનાં કામોને કોઈપણ જાતનું પ્રોત્સાહન મળ્યું નથી! એ કયા કારણોથી? એનું મુખ્ય કારણ છે, આધુનિક કૃષિની સંસ્થા (લોબી). આ સંસ્થાઓ સજીવ ખેતીના પ્રચાર કામમાં બાધા ઉભી કરે છે, કારણકે દેશ-વિદેશની અનેક સંસ્થાને પોતાના ખાતર, દવા, બિયારણ, ટ્રેક્ટર વગેરે....આધુનિક કૃષિનાં નામથી ભારતમાં વહેંચવા છે અને તેઓ પૈસાનાં જોરે ખોટી જાહેરાત અને પ્રચારનાં માધ્યમથી સૌને જાળમાં ફસાવે છે. એક વખત આધુનિક વિજ્ઞાનનાં જોરે તેઓએ ભરપૂર ઉત્પાદન કરી બતાવ્યું, પણ એ ઉત્પાદન ટકાવી ન શકતા બધોજ દોષ ખેડૂતનાં માથે નાખી દીધો. એમ કહીને કે, ખેડૂત અભણ છે અને ખાતર દવા વાપરવાનું જ્ઞાન નથી. તે છતાં રોજેરોજ નવી યોજના બનાવીને ખેડૂતને જાળમાંથી છૂટવા નથી દેતા. આમ તો વિદેશી કંપનીઓ બહુજ ચાલાક હોય છે, એક તરફ તેમની કંપનીઓ આધુનિક કૃષિ માટે જોઇતા માલ ઉત્પાદનનાં કારખાનાં રાખે છે અને બીજી તરફ એ માલને વાપરવાથી જે રોગ થાય, તે રોગો મટાડવાની દવાઓનો ઉદ્યોગ પણ રાખતાં હોય છે. જયારે લોકોને ઝેરી ખોરાકથી રોગ થાય ત્યારે પોષક તત્વો આપતા હોય તેવો ખોટો પ્રચાર કરી, એસીડ (પ્રીજેર્વેટિવ) નાખીને રાખેલા, ટીન ફૂડ, ટૉનિક અને અનેક

દવાઓ આપીને, બન્ને હાથે કમાણી કરે છે, ટૂંકમાં જોઈએ તો ખેતરમાં વધુ ઉત્પાદન મેળવવા આધુનિક કૃષિનો જન્મ થયો તેજ રીતે વધું દૂધ અને ઇંડા આપે તે માટે જર્સી ગાય અને બોઈલર મરઘા બનાવ્યા આની સાથેસાથે મેડ-કાઉ, બર્ડ ફ્લૂ, કેન્સર, નપુંસકતા જેવા અનેક રોગોના નિર્માણની સાથેસાથે ભારતમાં આતંકવાદ પણ ઉભો કર્યો છે. આજે આધુનિક સંસ્કૃતિ, કૃષિ અને વિજ્ઞાનને કારણે શરીરની રોગ સામે ટકવાની શકિત ઘટી ગઇ છે. આધુનિક દવાઓ બહુજ મોંઘી છે જે સામાન્ય કે ગરીબ માણસો લઈ શકતા નથી. બીજી કે આ દવાઓ શરીર અને કુદરતી શકિતની વિરુદ્ધ કામ કરે છે તેથી ફાયદો નથી થતો એનો એક જ પુરાવો કે દિવસેને દિવસે દવાની માત્રાઓ વધે છે અને પછી જીંદગીભર દવા ખાવાની સલાહ પણ મળે છે. આ બધું થવાનું કારણ એજ છે કે, કુદરત પાસેથી મળેલા મફ્ત શરીરની કાળજી નથી લેવાતી.

આજે આવક કરતાં જાવક વધુ છે. ખેતી પ્રધાન દેશનાં લોકોએ ખેતી છોડી નોકરી પકડી છે. વધુ ઉત્પાદનની લાલચે ખેડૂતોએ અને સમાજનાં ઘણાં લોકોએ ઘરની જરૂરિયાતો પુરી કરવા માટે બેંકની લોન અને કેડીટ કાર્ડ લીધા છે. કર્જા હેઠળ જયારે દબાઈ જાય છે ત્યારે દિવસ-રાત ગધેડાની જેમ કામ કરતા કરતા માંદા પડે છે. ત્યાર બાદ ખોવાયેલું નિરોગી જીવન મેળવવા ડૉક્ટરનાં પગે પડે છે અને આધુનિક દવા સાથે શરીરના મહત્વ અંગો કપાવીને જીવનભર દુઃખીના દુઃખી જ રહે છે. આટલી બધી પાયમલી થયા પછી, આપણને શું બોધપાઠ મળ્યો ?

આનો સીધો અને સરળ ઉપાય છે ‘કુદરત તરફ પાછા વળો’ જીવન માટે જરૂરી છે ‘રોટી, કપડા અને મકાન’ સમજો કે કપડા અને મકાન નથી તો પણ જીવન જીવી સકાય પણ ઝેર વાપરીને ઉગાડેલા ખોરાક ખાઈને કેટલા દિવસ જીવાશે ? આવી ભયંકર પરિસ્થિતિ તમારા જીવનમાં આવે તે પહેલા સાવે-સંઘવી વિનંતી કરે છે કે, અમારી જેમ સજીવ ખેતી અપનાવી ફક્ત પાણીનો ઉપયોગ કરીને, નિરોગી જીવન, સુખ-સમૃદ્ધી, આનંદ અને જીવનમાં શાંતિ મેળવો. અથવા નિરોગી જીવન માટે ફક્ત સજીવ ખેતીને ઉત્પાદનનો જ આગ્રહ રાખો. દુઃખની વાત તો એ છે કે આજે પણ ભારતમાં પર્યાવરણની રક્ષા, કુદરતી ઈલાજ, આર્યુવેદીક દવા કે સજીવ ખેતીનું જ્ઞાન  કોઈપણ સ્કુલ કે કૉલેજમાં આપવામાં આવતું નથી, આજ કારણે અને નાછુટકે લોકોએ આધુનિક દવા અને આધુનિક દવા અને આધિનુક કૃષિને અપનાવવી જ પડે છે.

કૃષિના ધાર્મિક કાર્યમાં લોકોનાં સાથ સહયોગથી ‘નિરોગી જીવન અને સમૃદ્ધિનો માર્ગ’ મળે એવા પ્રચારની અપેક્ષા આજે પણ એ લોકો રાખે છે અને સમાજની વિનંતીને ધ્યાનમાં રાખીને હવે સાવે પરિવારનાં ભાઈઓ, અશોક સંઘવી અને ભરત મનસાટા એ સજીવ અને કુદરતની ખેતીનું પ્રશિક્ષણ કેન્દ્ર, કલ્પવૃક્ષનાં ફાર્મની ઉપર શરૂ કરેલ છે. આ કેન્દ્રમાં પ્રત્યેક્ષ ખેડૂત પાસે કામ કરાવી, ઠોસ પુરાવા દેખાડી સમજવીને, થયેલા રોગ અને બગડેલી જમીન કઈ રીતે સુધારવી સાથે ભરપૂર કમાણી કઈરીતે કરવી કે જેથી ખેડુતોએ અને દેશે ગુમાવેલી સંપતી અને જાહોજલાલી પાછી મળે ? એ બાબતો શિખડાવવામાં આવે છે. આપની પાસે ખેતી માટેની જમીન હોય તો સાવેની સજીવ ખેતી પધ્ધતી અપનાવીને અમારી જેમ તમે પણ ભરપૂર નફા સાથે નિરોગી જીવન મેળવો અને થાય તો દેશના લોકોને પણ લાભ, સમૃધ્ધી અને સારું પર્યાવરણ મળે એ માટે આ પ્રત છાપીને પ્રચાર કરો એવી અમારી નમ્ર વિનંતી છે. એમની મદદ અને કાર્યને વિસ્તાર પૂર્વક સમજવા માટે એમની વેબસાઈટ છે. www.savesanghavi.com

## સમાજની જાગૃતી માટે અમે આ માહિતી છાપી છે.

**Ashok V. Sanghavi – Mob : 09821169907**

**Sanghavi Farm / Kings Security Printers Pvt. Ltd**.
23 A, Central Chowpatty Building, Opp. Girgam Chowpatty Sea Face, Mumbai – 400007.
Tel: (022) 23615184 / 23684891 / 23681033 / 23648011   Fax: (022) 23648012
Email: sbkkppl@gmail.com   Social Work Website; www.savesanghavi.com